Letter No: TDD/0406/01/2023 Dt: 02-02-2023

આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને લોન આપવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: VKY/2022/489/P,

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા</u> :**

(૧) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, ગાંધીનગરનો તા.૧૭/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: સરમ/ખ/૧૭૮/૨૦૨૨.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૫/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: VKY/2022/489/P.

**<u>પ્રસ્તાવના :</u>**

આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને આર્થિક સહયોગ આપવાના હેતુથી ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના પત્રથી ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, ગાંધીનગર દ્વારા આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને લોન આપવા માટેની રૂ.૩૦૦૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવની શરત નં.૧૩માં "જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા દરખાસ્તની સંપૂર્ણપણે ચકાસણી કરી, સ્પષ્ટ ભલામણ સહિત ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત રાજ્ય સરકારશ્રીને મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે", તેમ ઠરાવેલ છે. સદર શરતમાં "રાજ્ય સરકાર" શબ્દ પ્રયોગને લીધે કાર્યવાહી કયા વિભાગ દ્વારા કરવાની થાય છે તે સ્પષ્ટ થતું ન હોઈ તથા સહકારી મંડળીઓનો વિષય કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સાથે સંકળાયેલ હોઈ, સદર શરતમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>: સુધારા ઠરાવ :</u>**

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગનાવંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવનીશરત નં. - ૧૩માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

'જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા દરખાસ્તની સંપૂર્ણપણે ચકાસણી કરી, સ્પષ્ટ ભલામણ સહિત ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત સહકાર વિભાગને તથા સહકાર વિભાગ દ્વારા આદિજાતિ વિકાસ વિભાગ મારફત નાણા વિભાગને દરખાસ્ત રજૂ કરવાની રહેશે".

આ વિભાગનાવંચાણે લીધા ક્રમાંક (૨) પરનાતા:૧૫/૦૯/૨૦૨૨ ના ઠરાવની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૦૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદેવસિંહ વાઘેલા
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**<u>નકલ રવાના</u> :**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: Jaydevsinh K. Vaghela
Date: 2023.02.06 14:41:03 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- અગ્ર સચિવશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આ.વિ.) નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, બ્લોક નં.૮/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.